પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૦૩-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પંજાબમાં શક્તિ પ્રદર્શન પ્રચંડ જીત બાદ અમૃતસરમાં આપનો પહેલો રોડ શો,કેજરીવાલ અને માનને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા



ચંડીગઢ,

પંજાબમાં મનોનીત મુખ્યમંત્રી ભગવંત માને અમૃતસર વિમાની મથક પર આજે આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પાર્ટી નેતા મનીષ સિસોદિયાનું સ્વાગત કર્યું હતું પંજાબ ચુંટણીમાં ભારે જીત બાદ ભગવંત માન આજે અરવિંદ કેજરીવાલની સાથે અમૃતસરમાં રોડ શો કર્યો હતો આ પહેલા ભગવંત માન અને અરવિંદ કેજરીવાલે શ્રી હરિમંદિર સાહિબ પહોંચ્યા હતાં જયાં માથા ટેંકયુ હતું ત્યારબાદ જલિયાવાલા બાગ શ્રી દુર્ગ્યાણા મંદિર પણ પહોંચ્યા હતાં.અમૃતસરથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અરવિંદ કેજરીવાલ મનીષ સિસોદિયા અને માન સામેલ થયા હતાં માર્ગ પર દેશક્તિના ગીતોની સાથે તેઓ પંજાબના લોકોનો આભાર માન્યો હતો.ઠેર ઠેર પોસ્ટરો લગાવવામાં આવ્યા હતાં જેમાં ધન્યવાદ પંજાબ લખવામાં આવ્યું હતું.મોટી સંખ્યામાં લોકો ભગવંત માન અને અરવિંદ કેજરીવાલને જોવા માટે પહોંચ્યા હતાં અને રોડ શો દરમિયાન હજારો લોકો જોડાયા હતાં લગભગ દોઢ કિલોમીટર લાંબો રોડ શો યોજાયો હતો વિજય માર્ચમાં આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યો જોડાયા હતાં. આપના કાર્યકરો દ્વારા કેજરીવાલનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમના ઉપર ફુલોનો વરસાદ કરવામાં આવ્યો હતો.સમગ્ર માલ રોડ પર પગ મુકવાની જગ્યા રહી ન હતી. આપના કાર્યકરો હાથમાં તિરંગો અને આપના ઝંડો લઈ રોડ શોમાં જોડાયા હતાં અને મેરા રંગ સે બસંતી ચોલાના ગીત પર વંદેમારતમના સુત્રોચ્ચાર કરી રહ્યાં હતાં. એ યાદ રહે કે શહીદ ભગતસિંહના પૈતૃક ગામ નવાંશહરના ખટકડ કલાંમાં ૧૬મી માર્ચે ભગવંત માન મુખ્યમંત્રી પદના સોગંદ લેનાર છે. તેમની સાથે તેમના મંત્રીમંડળના સભ્યો પણ સોગંદ લેશે શહીદ સ્મારકની પાછળ સાત એકર જમીનમાં આ આયોજન કરવામાં આવશે જો જરૂર પડશે તો વધુ જમીનનો ઉપયોગ પણ લેવામાં આવશે.આ રોડ શોમાં કેજરીવાલે પંજાબના મતદારોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે આપની સરકાર નિષ્ઠાથી કામ કરશે ભ્રષ્ટ્રાચાર મુક્ત સરકાર રહેશે.તેમણે કહ્યુ હતું કે આપ દ્વારા જે વચનો આપવામાં આવ્યા છે તેને પાંચ વર્ષમાં પુરા કરવામાં આવશે પંજાબને નશા મુક્ત બનાવાશે

જો કે આ રોડ શો પહેલા કોંગ્રેસે કેજરીવાલ પર મોટો હુમલો કર્યો છે. આ રોડ શોના આયોજનમાં ખર્ચ થઇ રહેલ પૈસાને લઇ દિલ્હી કોંગ્રેસના ધારાસભ્ય અલકા લાંબાએ નિશાન સાધ્યું છે તેમણે પંજાબના નવ નિયુકત મુખ્ય સચિવ દ્વારા જારી આદેશની કોપીની સ્કીન શોર્ટ લેતા લખ્યું છે કે આપ તો રાજનીતિ બદલવા આવી હતી આપના દ્વારા જનતાના પૈસાની લુંટ શરૂ કરી ૧૫ લાખ રૂપિયા અરવિંદ કેજરીવાલના રોડ શો પર ખર્ચ કરવામાં આવી રહ્યો છે અને ૪૬ લાખ રૂપિયા જીલ્લામાં રોડ શો માટે સરકારી ખજાનાથી આપવાનો આદેશ થયો છે પંજાબ અને પંજાબીઓને પહેલા અભીનંદન

ભગવંત માનના સોગંદ ગ્રહણ દરમિયાન સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. સમારોહ સ્થળ પર વિશેષ ચોકી બનાવવામાં આવી છે છ હજાર પોલીસ જવાન તહેનાત કરવામાં આવશે આ ઉપરાંત સીઆઈડી અને અન્ય ગુપ્તચર એજન્સીઓની પુરી નજર સમારોહ પર રહેશે સોગંદગ્રહણ સમારોહનું આમંત્રણ ભગવંત માન પહેલા જ પંજાબના લોકોને મોકલી ચુકયા છે.વિપરિત પરિસ્થિતિઓમાં પાર્ટીને સાથ આપનારા નેતાઓને પાર્ટી કેબિનેટમાં જગ્યા આપી તેમની વફાદારીનું ઈનામ આપવામાં આવશે કેબિનેટમાં જે સંભવિત ઉમેદવારોને સામેલ કરી શકાય છે તેમાં અમન અરોડો હરપાલ ચીમા કુલતાર સિંહ સંધવા હરજોત બેંસ અને બલજિંદર કૌરના નામ મુખ્ય છે. આમ આદમી પાર્ટી હાઈકમાન્ડ કુંવર વિજય પ્રતાપને ગૃહ મંત્રાલય આપવાનો પ્રયાસ કરી રહી છે. તે જ સમયે પાર્ટીના કેટલાક ધારાસભ્યો ઈચ્છી રહ્યા છે કે હરપાલ સિંહ ચીમા અને અમન અરોરામાંથી કોઈ એકને ગૃહમંત્રી બનાવવામાં આવે.માન સરકાર જે રીતે કામ કરી રહી છે તેનાથી અધિકારીઓમાં ગભરાટ ફેલાયો છે. કારણ કે જે રીતે આમ આદમી પાર્ટીને જનસમર્થન મળ્યું છે તે રીતે હવે પાર્ટીનો પ્રયાસ લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો છે. આ માટે પાર્ટી ઝડપથી કામ કરશે. કારણ કે પંજાબની નોકરશાહી એક જ પેટર્ન પર કામ કરી રહી હતી. હવે તેઓએ પણ કામ કરવાની રીત બદલવી પડશે. આ કારણે નોકરિયાત નવી પરિસ્થિતિ માટે પોતાને તૈયાર કરી રહ્યા છે.આમ આદમી પાર્ટીના નામાંકિત મુખ્યમંત્રી ભગવંત માન એકશનમાં આવ્યા છે. તેઓ રાજયપાલને મળ્યા હતા અને ત્યાર બાદ એક મોટો નિર્ણય લેતા પંજાબના ૧૨૨ પૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો અને વિવિધ નેતાઓને એક જ ઝાટકે પોલીસ સુરક્ષા પાછી ખેંચી લીધી છે. આ અંગે સરકાર દ્વારા પત્ર જારી કરવામાં આવ્યો છે. કારણ કે તમે વીઆઈપી કલ્ચરના વિરોધી છો. પોલીસ પ્રોટેક્શન લઈને આ નેતા સામાન્ય જનતામાં પોતાને ખાસ બતાવી રહ્યા હતા. આથી આ સંરક્ષણ પાછું ખેંચી લેવામાં આવ્યું છે.એ યાદ રહે કે પંજાબ વિધાનસભા ચુંટણીમાં આમ આદમી પાર્ટીને પ્રચંડ જનાદેશ આપ્યો છે.પાર્ટીએ ૧૧૭માં ૯૨ બેઠકો પર જીત હાંસલ થઇ છે કોંગ્રેસને ૧૮ બેઠકો મળી છે શિઅદ બસપા ગઠબંધનને ચાર અને ભાજપને બે બેઠકો મળી છે. જયારે સુલ્તાનપુર લોધીથી એક અપક્ષ ઉમેદવાર ચુંટાઇ આવ્યા છે.

## યુપીમાં ફ્રી રાશન યોજના બંધ થઈ શકે છે, ૧૫ કરોડ લોકોને ઝટકો લાગી શકે છે



લખનૌ,

ફ્રી રાશન યોજના યુપી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. આ યોજના અગાઉ કોરોના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૦માં કોરોના વેવને કારણે થયેલા લોકડાઉનને કારણે કેન્દ્રની મોદી સરકાર અને રાજ્યની યોગી સરકારે ગરીબોને મફત રાશન આપવાની યોજના શરૂ કરી હતી. પ્રથમ વેવના અંત સાથે આ યોજનાને રોકી દેવામાં આવી હતી, પરંતુ બીજી વેવ પછી, આ યોજના મે ૨૦૨૧ માં ફરી શરૂ કરવામાં આવી હતી.

યુપીના ૧૫ કરોડ લોકોને ફ્રી રાશન યોજનાને લઈને મોટો ઝટકો લાગી શકે છે. કોરોના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવેલી મફત રાશન યોજના હવે બંધ થઈ શકે છે. માર્ચ સુધી ચાલનારી યોજના સાથે આગળ વધવા માટે હજુ સુધી કોઈ સત્તાવાર આદેશ નથી. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે જો આ યોજનાને આગળ ધપાવવા માટે કોઈ આદેશ નહીં મળે તો આ યોજના બંધ કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે યોગી સરકારે ફ્રી રાશન યોજના માર્ચ સુધી લંબાવી હતી. આ પછી, આ યોજના આગળ વધશે કે નહીં, તે તો નવી સરકાર બન્યા પછી જ ખબર પડશે, પરંતુ મફત રાશન મળતા લોકો હજુ પણ તેની ચિંતામાં છે. જો માર્ચ પછી આ યોજના ચાલુ નહીં રાખવામાં આવે તો ૧૫ કરોડ લોકોએ રાશન ખરીદવું પડશે.

મફત રાશન યોજના યુપી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. આ યોજના અગાઉ કોરોના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૦માં કોરોના વેવને કારણે થયેલા લોકડાઉનને કારણે કેન્દ્રની મોદી સરકાર અને રાજ્યની યોગી સરકારે ગરીબોને મફત રાશન આપવાની યોજના શરૂ કરી હતી. પ્રથમ વેવના અંત સાથે આ યોજનાને રોકી દેવામાં આવી હતી, પરંતુ બીજી વેવ પછી, આ યોજના મે ૨૦૨૧ માં ફરી શરૂ કરવામાં આવી હતી.

સરકારે ૨૦૨૧માં દિવાળીના અવસર પર આ યોજનાને હોળી સુધી લંબાવી હતી. આ યોજનાને આગળ ધપાવવા પાછળનું કારણ યુપી વિધાનસભાની ચૂંટણી હોવાનું માનવામાં આવતું હતું. આ યોજના માર્ચ સુધી શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો પડઘો ચૂંટણીમાં ઘણો જોવા મળ્યો. આ પ્લાન પણ ગેમ ચેન્જર સાબિત થયો. સરકારે માર્ચ સુધી આ યોજનાનો લાભ આપવાનું નક્કી કર્યું હતું. આ યોજના માર્ચ મહિનામાં પુરી થવા જઈ રહી છે. પુરવઠા વિભાગ હવે નવા આદેશની રાહ જોઈ રહ્યું છે.

આ યોજના હેઠળ, ગરીબોને યુનિટ દીઠ પાંચ કિલો રાશનની સાથે, શુદ્ધ તેલ, મીઠું અને ચણા પણ વિનામૂલ્યે ઉમેરવામાં આવ્યા હતા. જિલ્લા પુરવઠા અધિકારી અભિષેક કુરિલના જણાવ્યા અનુસાર, રામપુરના ૪.૧૪ લાખ રેશનકાર્ડ ધારકો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ રાશન કાર્ડમાં ૧૭ લાખ લોકો જોડાયેલા છે. તેમણે કહ્યું કે, આ યોજના માર્ચ મહિના સુધી જ શરૂ કરવામાં આવી હતી. હજુ સુધી આ અંગે વધુ કોઈ આદેશ મળ્યો નથી. આગામી ઓર્ડરની રાહ જોઈ રહ્યા છીએ.

## સરકારની સૌથી મોટી પ્રાથમિકતા સામાન્ય બજેટ અને નાણાં બિલ પાસ કરાવવાની છે.



નવીદિલ્હી,

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થવા જઈ રહ્યો છે,ત્યારે સરકારની સૌથી મોટી પ્રાથમિકતા સામાન્ય બજેટ અને નાણાં બિલ પાસ કરાવવાની છે. સત્રના પહેલા ભાગમાં બંને ગૃહોની કાર્યવાહી અલગ-અલગ સમયે ચાલી રહી હતી. રાજ્યસભાની કાર્યવાહી સવારે ૧૦ વાગ્યાથી શરૂ થતી હતી જ્યારે લોકસભાની કાર્યવાહી સાંજે ૪ વાગ્યાથી શરૂ થતી હતી.હાલમાં કોરોનાના કેસો નિયંત્રણમાં દેખાઈ રહ્યા છે અને સ્થિતિ ઝડપથી સામાન્ય થઈ રહી છે, આવી સ્થિતિમાં સંસદની કાર્યવાહી રાબેતા મુજબ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને ગૃહોની કાર્યવાહી તેમના પરંપરાગત સમયે એટલે કે સવારે ૧૧ વાગ્યે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને ગૃહોની કાર્યવાહીનો સમય સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી અને પછી બપોરે ૨ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો નક્કી કરવામાં આવ્યો છે.

આ વખતે બંને ગૃહોમાં ઓછામાં ઓછા એક કલાક વધુ કાર્યવાહી ચાલી શકશે. પ્રથમ ભાગમાં કાર્યવાહી માટે દરરોજ માત્ર ૫ કલાક ફાળવવામાં આવ્યા હતા. રાજ્યસભામાં સમયની પાબંદી વધુ હતી, કારણ કે લોકસભાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જ તેની કાર્યવાહી શરૂ થઈ શકતી હતી. લોકસભાની કાર્યવાહી ૪ વાગ્યે શરૂ થતી હોવાથી, રાજ્યસભાએ કોઈપણ ભોગે ૩ વાગ્યા સુધીમાં તેની કાર્યવાહી ૩ વાગ્યા સુધીમાં સમાપ્ત કરવી પડતી હતી. તે જ સમયે, લોકસભાની કાર્યવાહીનો નિર્ધારિત સમય સાંજે ૪ થી ૯ વાગ્યાનો હતો, પરંતુ કેટલીકવાર તેમાં એક કે બે કલાકનો વધારો કરીને કામ પૂર્ણ કરવામાં આવતું હતું.બજેટ સત્રનો બીજો તબક્કો ૧૪ માર્ચથી શરૂ થશે અને ૮ એપ્રિલ સુધી ચાલશે. આ દરમિયાન બંને ગૃહોની ૧૯ બેઠકો થશે. મતલબ કે સત્રના પહેલા ભાગની સરખામણીએ બંને ગૃહોમાં ૧૯ કલાક વધુ કામ થશે. રાજ્યસભાના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહમાં સરકારી કામકાજના નિકાલ માટે ૬૪ કલાકથી વધુ સમય મળશે. આ સિવાય પહેલાની જેમ હવે પ્રશ્નકાળ અને શૂન્ય કલાક માટે દરરોજ બે કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં મળેલી શાનદાર જીતથી ઉત્સાહિત મોદી સરકાર માટે હાલમાં કોઈ પડકાર નથી. જોકે, વિપક્ષો મોંઘવારી, બેરોજગારી અને યુક્રેન સંકટને કારણે સર્જાયેલા સંજોગોને લઈને સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે.

## મિસાઈલવાળી ઘટનામાં સંયુક્ત તપાસ યોજાવી જોઈએ: પાકિસ્તાન

નવીદિલ્હી,

ભારતમાંથી એક મિસાઈલ અકસ્માતપણે છૂટીને પાકિસ્તાનની ધરતી પર પડી એ ઘટનામાં સંયુક્ત રીતે તપાસ કરવાની પાકિસ્તાને માગણી કરી છે. ભારત સરકારે કહ્યું છે કે આ ઘટનામાં તે આંતરિક રીતે તપાસ હાથ ધરશે. પરંતુ, પાકિસ્તાને આ ઘટના અંગે દુનિયાના દેશોને પણ એમનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલય સ્પષ્ટતા કરી ચૂક્યું છે કે એ મિસાઈલ પાકિસ્તાન સામે કોઈ શત્રુતાભરી ગતિવિધિનો ભાગ નહોતી અને તે અકસ્માતપણે છૂટી હતી.પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે મિસાઈલ ફાયર થવાની ઘટનાને આવરી લેતી હકીકતોને યોગ્ય રીતે સ્થાપિત કરવા માટે સંયુક્ત તપાસ યોજાવી જોઈએ. આ ઘટનામાં આંતરિક અદાલતી તપાસ યોજવાનો ભારતનો નિર્ણય પર્યાપ્ત નથી, કારણ કે મિસાઈલ પાકિસ્તાનની ધરતી પર પડી હતી. આ ગંભીર બાબત છે અને એમાં માત્ર ભારતીય સત્તાવાળાઓના જ સ્પષ્ટીકરણથી ચલાવી લેવું ન જોઈએ. બંનેમાંથી કોઈ પણ દેશમાંથી આ પ્રકારની ભૂલ ગંભીર પરિણામો લાવી શકે છે તેથી દુનિયાના દેશોએ પણ આ ઘટના અંગે એમનાં વલણ સ્પષ્ટ કરવા જોઈએ.

## દારૂ આપણી સંસ્કૃતિ, ઘરમાં ૧૨ બોટલ રાખવાની છૂટ મળવી જોઈએ : કોંગ્રેસના ધારાસભ્ય

જયપુર,

રાજસ્થાનમાં કોંગ્રેસ ધારાસભ્ય દ્વારા આપવામાં આવેલા વિવાદીત નિવેદનનો રોકાવાનું નામ નથી લેતું. સંસદીય કાર્યમંત્રી શાંતિ ધારીવાલ બાદ હવે યુથ કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ તથા ધારાસભ્ય ગણેશ ઘોઘરાના નિવેદનથી વિવાદ થઈ ગયો છે.

ટીએસપી એરિયામાં મહુઆના ૧૨ બોતલ રસને રાખવાની છૂટ મળે. અધિકારી તથા પોલીસ આવે તો, આદિવાસીઓ પર કેસ ન થાય. ટીએસપી વિસ્તારમાં અંગ્રેજી દારૂની દુકાનો બંધ કરવામાં આવે.જો કે, આસપુરથી ભાજપ ધારાસભ્ય ગોપીચંદ મીણાએ કહ્યું કે, દારૂ આદિવાસી સમાજની સંસ્કૃતિ તથા પરંપરા નથી. આપને જણાવી દઈએ કે, પહેલા સ્વાસ્થ્યમંત્રી પરસાદી લાલ મીણા પણ કહી ચુક્યા છે લોકોને મારવા જ હોય તો,

સરકારી દારૂ પીને મરે.અહીં ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા સંસદીય કાર્યમંત્રી શાંતિ ધારીવાલે વિધાનસભાના બજેટ સત્રમાં કહ્યું કે, રાજસ્થાન રેપમાં નંબર વન છે. આ મરદ લોકોનો દેશ છે. ધારીવાલના આ નિવેદન પર ખૂબ હોબાળો મચી ગયો હતો. બાદમાં ધારીવાલે માફી માગી લીધી હતી.

## ગુજરાતમાં આગામી ચાર દિવસ ચામડી દઝાડતી ગરમી પડી શકે છ



ગાંધીનગર,

રાજયમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ રહી છે.પવનની અનિયમિત દિશાના કારણે હવામાન વિભાગ દ્વારા ગરમીની આગાહી કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૪ દિવસમાં ગરમીનું પ્રમાણ ૨ થી ૩ ડિગ્રી વધી શકે છે.એટલે કે ગરમીનો પારો ૪૦ ડિગ્રી પહોંચી શકે છે.જો કે, આજે અને આવતી કાલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જ્યારે મંગળવાર અને બુધવારે યલો એલર્ટ જાહેર કરાયું છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં હીટવેવ અંગેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભવિષ્યવાણી અનુસાર હાલમાં ઉત્તર-પૂર્વ દિશાનો પવન ચાલી રહ્યો છે જેના કારણે આગામી ચાર દિવસમાં તાપમાનમાં ૪ ડિગ્રી જેટલો મોટો વધારો થઈ શકે છે. ગુજરાત હવામાન વિભાગના અનુસાર પાંચ દિવસ સુધીનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધીનો પહોંચશે. ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચી શકે છે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે હોળી બાદ ગરમી શરૂ થતી હોય છે. પરંતુ આ વખતે હોળી પહેલા જ ગરમીએ માઝા મુકી છે. ગુજરાતીઓએ હોળી પહેલા જ ગરમીનો સામનો કરવો પડશે. આગામી અઠવાડીયે એટલે કે ૧૦-૧૬ માર્ચ સુધીમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી વટાવી દેશે. ઉત્તર ગુજરાતમાં અત્યારથી જ ગરમીનો પારો ફરી એકવાર ઉંચો ચડવા લાગ્યો છે. રાજસ્થાન અને ગુજરાતને એન્ટ્રી સાઈક્લોનિક સર્કુલેશન સિસ્ટમ બની રહી છે. જેના કારણે આગામી ૪-૫ દિવસમાં ધીરે ધીરે ગરમીમાં વધારો થવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારને ભૂજ, નલિયા, કંડલા એરપોર્ટ, પોરબંદર, રાજકોટ, વેરાવળ, સુરેન્દ્રનગર, કેશોદ અને વલસાડ સહિતના ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આ દરમિયાન શનિવારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

## દેશમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૩ હજારથી વધુ કેસ,૪૭ મોત

નવીદિલ્હી,

દેશમાં કોરોના વાયરસ રોગચાળાના કેસ હવે દિવસેને દિવસે ઘટી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૩ હજાર ૧૧૬ નવા કેસ નોંધાયા છે અને ૪૭ લોકોના મોત થયા છે. આ રોગચાળાને હરાવીને ગઈકાલે ૫ હજાર ૫૫૯ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જા

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૫ હજાર ૫૫૯ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૩૮ હજાર ૬૯ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૫ હજાર ૮૫૦ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૩૭ હજાર ૭૨ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યાદેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૦ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૨૦ લાખ ૩૧ હજાર ૨૭૫ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૦ કરોડ ૧૩ લાખ ૨૩ હજાર ૫૪૭ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૧૨,૩૮,૭૧૨) થી વધુ સાવચેતી રસી આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## મોદીને ફિલ્મ 'કાશ્મીર ફાઈલ્સ' પસંદ આવી,ટીમ સાથે મુલાકાત કરી



અનુપમ ખેર સ્ટારર ફિલ્મ ધ કશ્મીર ફાઈલ્સને ખૂબ સારા રિવ્યુ મળી રહ્યા છે. વિવેક અગ્નિહોત્રીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મના દરેક લોકો વખાણ કરી રહ્યા છે. માત્ર જનતા જ નહીં પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આ ફિલ્મ પસંદ આવી છે. તે ફિલ્મની ટીમને મળ્યા અને અભિનંદન પાઠવ્યા.ધ કાશ્મીર ફાઈલ્સના નિર્માતા અભિષેક અગ્રવાલે પીએમ મોદી સાથેની ટીમની તસવીરો શેર કરી છે. નિર્દેશક વિવેક અગ્નિહોત્રીએ આ તસવીરો શેર કરી અને લખ્યું 'હું ખૂબ જ ખુશ છું કે અભિષેકે ભારતનું આ પડકારજનક સત્ય બતાવવાની હિંમત કરી છે. યુએસએમાંનું સ્ક્રીનીંગ નરેન્દ્ર મોદીના નેતૃત્વ પ્રત્યે વિશ્વના વલણને બદલવામાં ફાયદાકારક સાબિત થયું.

નિર્માતા અભિષેક અગ્રવાલે પીએમ સાથેના ફોટા શેર કર્યા અને લખ્યું – 'આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મળવાનો આનંદદાયક અનુભવ હતો.તેમની પ્રશંસા અને માયાળુ શબ્દો તેને વધુ ખાસ બનાવે છે. અમે આ પહેલા ક્યારેય ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં ગર્વ અનુભવ્યો નથી. આભાર મોદીજી..

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા ના ચોપડા ગામે શો રૂમની જમીન શ્રી સરકાર કરવાનો હુકમ કરાયો

ગોધરા,

લુણાવાડા તાલુકાના ચોપડા ગામે આવેલ શો રૂમની વાદગ્રસ્ત સ્થળને એન.એ. પરવાનગી અને રેખા નિયંત્રણ ધારાના શરતભંગ બદલ જમીન શ્રી સરકાર દાખલ કરવાનો હુકમ મહિસાગર કલેકટર દ્વારા કરવામાં આવ્યો પરતુ જીલ્લા કલેકટરના શ્રી સરકારના હુકમ સામે તા.૧૫ સુધી મહેસુલ વિભાગ (વિવાદ) કચેરીએ સ્ટે આપ્યો છે.

લુણાવાડા તાલુકાના ચોપડા ગામના રે.સર્વે નંબર ૫૪/૪ વાળી રહેણાંક હેતુની પરવાનગી મેળવેલ જમીનમાં જમીન માલિક સુરેશભાઈ મગનલાલ દેરાઈ એ સ્ટેટ હાઈવે ને અડીને કારનો શો રૂમ બનાવીને વાણિજય હેતુસર ઉપયોગ કરી એન.એ. હુકમની શરતોનો ભંગ તથા રેખા નિયંત્રણ ધારાનો ભંગ કરેલ છે. જમની માલિકે હેતુફેર કરવા માટે બેવાર પ્રયાસો પણ કરાયેલા છે. પરંતે બન્ને વખતે સક્ષમ ઓથોરીટી દ્વારા અરજીઓ નામંજુર કરી દફતરે કરવામાં આવેલ છે. ગુજરાત જમીન મહેસુલ સંહિતા ૧૮૭૯ની જોગવાઈઓને ધ્યાનમાં રકાખીને મહિસાગર જીલ્લા કલેકટર વાદગ્રસ્ત જમીનમાં શરતભંગ થતો હોય કબ્જેદારને હાંકી કાઢવા અને મિલ્કત બિનબોજા સહિત શ્રી સરકાર દાખલ કરવાનો મહિસાગર જીલ્લા કલેકટર દ્વારા હુકમ કરવામાં આવ્યો.

# સંતરામપુર સિવિલ કોર્ટ ખાતે નેશનલ લોક અદાલતનું સફળતા પૂર્વક આયોજન

સંતરાપુર,

સંતરામપુર સીવીલ કોર્ટ ખાતે આજરોજ મહિસાગર જીલ્લા ડીસટીકજજ એચ એ દવે ના માર્ગદર્શનને સુચનાઓ હેઠળ સંતરામપુર ના પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ.ટી.એચ.પંજાબી ને એડી.સીનીયર સીવીલ જજ શબાના મનસુરી દવારા નેશનલલોકઅદાલત નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.
આ યોજાયેલ નેશનલલોકઅદાલત માં સંતરામપુર સ્થીત એમજીવીસીએલ ની પે.વિ.કચેરી નં.૧ને ૨.તથા સ્થાનિક બેંકો બેંક ઓફ બરોડા. યુનિયન બેંક. બરોડા ગુજરાત ગ્રામિણ બેંક. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની શાખા ઓ એ પણ ભાગ લીધો હતો. આ લોકઅદાલત માં તેઓનેં પ્રિલીટીગેશન નિકાલ કેસોમાં (કુલ ૧૩૭કેસો) માં સમાધાનકારી વલણ રાખીને સમાધાન કરેલ હતું. અને સેટલમેન્ટ ની સારી એવી રકમની વસુલાત લોકઅદાલત માં થવા પામેલ હતી.

સંતરામપુર સીવીલ કોર્ટ ખાતે યોજાયેલ નેશનલલોકઅદાલતમાં પક્ષકારો પણ ઊપસથીત રહેલ જોવા મળતાં હતાં. આ યોજાયેલ નેશનલલોકઅદાલતમાં કોર્ટમાં કામગીરી મોડી સાંજ સુધી ચાલેલ જોવા મળતી હતી. આમ આ લોકઅદાલત માં પ્રિલીટીગેશન નિકાલ કેસો માં કુલ રૂપિયા ૫૧.૮૨.૫૩૧.સમાધાન પેટે વસુલ આવેલ હતાં. સંતરામપુર કોર્ટ઼ માં યોજાયેલ આ લોકઅદાલત માં બંનનેકોર્ટ માંના વિવિધ કેસો જેવાં કે નેગોશિયેબલ ઈનસટયુમેનટ એકટના અને ભરણપોષણના કેસો. મનીસુટ. મની રીકવરી કસો. એમ.વી.એકટ. પ્રોહીબીશન ના કેસો. એપેડેમીક એકટ હેઠળ ના કેસો. એચએમપી. દાવાઓ. એલએઆર. દરખાસ્તો ના વિવિધ કેસો મુકાયેલા જે પૈકી કુલ ૮૮૮ કેસો માં પક્ષકારો એ સમાધાનકારી વલણ રાખીને સમાધાન કરેલ હતું.જયારે પ્રિલીટીગેશન કેસ કુલ ૧૩૭ માં સેટલમેન્ટ થતાં રૂપિયા ૫૧.૮૨.૫૩૧ની સેટલમેન્ટ ની રકમ વસુલ આવે લ.. નેશનલલોકઅદાલત સંતરામપુર માં કુલ.૧૦૨૫ કેસો માં નિકાલ થવા પામેલ હતો. આ નેશનલલોકઅદાલત ને સફળ બનાવવા માટે વકીલ મંડળ સંતરામપુર ના સૌ વકીલો ને કોર્ટ઼ ના સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી સહકાર આપેલ હતો.

# સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે એક જ મહિનામાં ત્રણ વખત લોખંડની રેલિંગ ની ચોરી અસામાજિક તત્વોનો વધી રહેલો ત્રાસ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે નવો બનાવેલો રસ્તા વળાંકો વિસ્તારોની અંદર અકસ્માત ન સર્જાય તેના હેતુથી અને વાહનચાલકો માટે બચાવ થઇ જાય તે માટે સ્ટેટ વિભાગ દ્વારા અલગ અલગ જગ્યાએ લોખંડ ની રેલિંગ ઓ ફીટીંગ કરવામાં આવેલી હતી પરંતુ અસામાજિક તત્વો દ્વારા સરકારી મિલકતોને બેફામ નુકસાન કરી રહેલા છે એક જ મહિનામાં ત્રીજી વખત આવી ચોરીની ઘટના બની રેલિંગ ના ઉભા પટ્ટા અને અને પાયાઓ ઉખાડીને નીચે ખાડામાં ફેંકી દેવામાં આવે છે અને બીજા દિવસે તેનો ઉપાડી જાય છે આ રીતે સ્ટેટ વિભાગ દ્વારા આવી જગ્યા ઉપર ત્રીજી વખત ફીટીંગ કરવામાં આવેલું હતું પરંતુ અસામાજિક તત્વો દ્વારા તેને ખુલ્લા કરીને ઉપાડી જાય છે આ રીતે અસામાજિક તત્વો ઈરાદાપૂર્વક સરકારી મિલ્કતોનું નુકસાન કરે છે કોન્ટ્રાકટર દ્વારા ફદફક્ષિફદફતિને મીટીંગ કરવામાં આવે છે પરંતુ આ જ રીતે ચોરીની ઘટના બનતી જાય છે કેટલીકવાર લોખંડના પટ્ટાઓ ખેતરોમાં અને જાડી જાત્રામાં સંતાડેલા જોવા મળેલા છે.

# સંતરામપુર અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ના સિંધી ભાષા અને સાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે વકૃત્વ સ્પર્ધાનો આયોજન કરવામાં આવ્યું



સંતરામપુર,

આદિવાસી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના સિંધી ભાષા અને સાહિત્ય કેન્દ્રના સંયુકત ઉપક્રમે 'સિંધી વકૃત્વ સ્પર્ધા' નો આયોજન આજ રોજ તા ૧૨/૦૩/૨૦૨૨, ''માતૃભાષા દિવસ''ના ઉપલક્ષ્યમાં યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય અતિથિ અને અદયક્ષ તરીકે પદ્મ વિષ્ણુ પંડ્યા, અદયક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરથી જોડાઈને સહુને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું, વિશેષ અતિથિ તરીકે પ્રિ. ડો. જયપ્રકાશ ભોલંદા, એન્જિનિયરિંગ કોલેજ, હાલોલથી જોડાયા હતા, કાર્યક્રમના ઉદઘાટક વનરાજસિંહ ડામોર, પ્રમુખ, ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદથી જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં સિંધી સમાજ સંતરામપુરના અગ્રણીઓ જોડાયા હતા અને સમસ્ત સમાજના વિદ્યાર્થી ભાઈ બહેનોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.સ્પર્ધાના નિર્ણાયકો રોશની રોહિડા અને મતિ રિતુ ભાટિયા અમદાવાદથી જોડાયા હતા. વિજેતા પ્રથમ ક્રમે લક્ષવાની પ્રાચી ૨.જામનાની જેકી ૩.મંજાની રીયા અને જામનાની ધનરાજ વિજેતા બન્યા હતાં. વિજેતા બનેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રિ. ડો. અભય પરમાર ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને કાર્યક્રમનો સંચાલન ડો. ગાયત્રી લાલવાણીએ કર્યો હતો.

# દે.બારીયાના ટીડકી ગામે ખેતર માંથી ૧.૪૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી પોલીસ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ટીડકી ગામેથી પોલીસે એક ખેતરમાં પ્રોહી રેડ પાડતા ખેતરમાંથી પોલીસે કુલ રૂપિયા ૧,૪૧,૧૨૦નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. જયારે પોલીસને જોઈ બુટલેગર નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

ગઢ તારીખ ૧૨મી માર્ચ ના રોજ દેવગઢબારિયા પોલીસને મળેલ બાતમીના આધારે ટીડકી ગામે રહેતા નવલસિંહભાઈ ધનાભાઈ બારીયાના ખેતરમાં અચાનક પ્રોહી રેડ પાડી હતી. પોલીસને જોઈ નવલસિંહભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ખેતરની નજીકમાં ખાડામાંથી વિદેશી દારૂ તેમજ બીયર નિકુલ બોટલો નંગ. ૧૧૫૨ કિંમત રૂપિયા ૧,૪૧,૧૨૦ના પ્રોહીબીશન જથ્થા સાથે ઉપરોકત ઈસમ વિરૂદ્ધ દેવગઢબારિયા પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના ઘોડાજર ગામે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઘોડાજર ગામે એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા તે સમયે રસ્તામાં એક કૂતરૂં આવી જતા મોટરસાયકલ સ્લીપ ખાઇ ગઇ હતી જેને પગલે ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૭મી માર્ચના રોજ દેવગઢબારિયા નગરના કાપડી વિસ્તાર ખાતે રસીદ ફળિયામાં રહેતા બિલાલભાઈ ઈસ્માઈલભાઈ પટેલ પોતાના કબજાની મોટરસાયકલ લઈ ઘોડાજર ગામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક રસ્તાની વચ્ચે એક કૂતરો આવી જતા બિલાલ ભાઈએ મોટરસાયકલ પરના સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લીપ ખાઇ ગઇ હતી જેને પગલે બિલાલભાઈ મોટર સાયકલ પરથી ફંગોળાઇ જમીન પર પટકાયા હતા અને તેઓને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા સારવાર દરમિયાન ગતરોજ બિલાલ ભાઈનું મોત નિપજતા આ સંબંધે દેવગઢબારિયા નગરના કાપડી વિસ્તાર ખાતે રસીદ ફળિયામાં રહેતા શહેજાદભાઈ અબ્દુલસત્તાર પટેલ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ બસ સ્ટેશનમાં મહિલાના પર્સ માંથી સોનાના દાગીના ૪૫ હજાર ચોરી કરી ગઠીયા

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ બસ સ્ટેશન ખાતે એક મહિલાના પર્સમાંથી કોઈ અજાણી વ્યક્તિ દ્વારા પોતાનો કસબ અજમાવી મહિલાના પર્સમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૪૫,૦૦૦ની ચોરી કરી નાસી જતા બસ સ્ટેશન વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તારીખ ૨૬મી માર્ચના રોજ દાહોદ શહેરના ગોધરા રોડ વિસ્તાર ખાતે યોગેશ્વર નગર ખાતે રહેતા ૩૨ વર્ષીય ભાવિકાબેન ભાવિકકુમાર પટેલ દાહોદ બસ સ્ટેશન વિસ્તાર ખાતે બપોરના એક વાગ્યાના આસપાસ આવ્યા હતા અને બસમાં ચડતી વેળાએ કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ભાવિકાબેનના પર્સનની ચેન ખોલી પર્સમાંથી ત્રણ જોડી સોનાની બુટ્ટી અને એક કાનની શેર એમ કુલ મળી રૂપિયા ૪૫,૦૦૦ ના સોનાના દાગીના તેમજ પર્સમાં મુકી રાખેલ બેંકનું એટીએમ કાર્ડ તથા અન્ય ડોક્યુમેન્ટની ચોરી કરી અજાણી વ્યક્તિ ફરાર થઈ ગઈ હતી. ઘટનાને પગલે બસ સ્ટેશન વિસ્તારમાં ઉહાપોહ મચી જવા પામ્યો હતો.

આ સંબંધે ભાવિકાબેન ભાવિકકુમાર પટેલ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# દાહોદ પટેલ વિસ્તારમાં પતિ-પત્ની વચ્ચે નજીવી બોલાચાલીમાં પત્નીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં પતિ – પત્નિ વચ્ચે નજીવી નોકઝોક થતાં ૫૨ વર્ષીય પત્નિ દ્વારા પોતાના ઘરમાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

દાહોદ શહેરમાં આવેલ પરેલ સી સાઈડમાં રહેતાં ૫૩ વર્ષીય ધરમરાજભાઈ ડોરે સ્વામી અને તેમની ૫૨ વર્ષીય પત્નિ બબીતાબેન ધરમરાજભાઈ સ્વામી વચ્ચે ગત તા.૧૧મી માર્ચના રોજ નજીવી બાબતે નોકઝોક થઈ હતી જેમાં ધરમરાજભાઈ જમવા બેઠા હતા તે સમયે તેમની પત્નિ બબીતાબેને કહેલ કે, તમે નોકરી પરથી દરરોજ કેમ મોડા આવો છો, તેમ કહેતાં ધરમરાજભાઈએ કહેલ કે, ઓફિસનું કામ હોવાથી મોડુ થઈ જાય છે ત્યારે બબીતાબેને કહેલ કે, તમે તમારી ઓફિસનું કામ કરો મારે જે કરવું હોય તે હું કરીશ, તેમ કહી બબીતાબેન પોતાના સ્ટોરરૂમ તરફ ચાલ્યા ગયાં હતાં અને જ્યાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે ધરમરાજભાઈ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે જાણવા જોગ આપતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વહેલી ચૂંટણી યોજવાનો કોઈ અર્થ જ નથી.



ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવામાં ઝળહળતીથી ફતેહ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું બે દિવસના રોડ શો થી જણાઈ રહ્યું છે. ગાંધીનગરના એક વરિષ્ઠ અધિકારીએ વાત વાતમાં જણાવ્યું હતું કે અમને પણ લાગતું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી મે જૂનમાં આવી જશે. દરમ્યાન એમણે એવું લોજીક પણ આપ્યું કે ઊંઝાના ધારાસભ્યના અવસાનથી ખાલી પડેલી જગ્યાની પેટા ચૂંટણીની હોળી બાદ જાહેરાત થવાની સંભાવના છે. એ ના થાય તો સમજવું કે ચૂંટણીની જાહેરાત થશે.

ચૂંટણી વહેલી શા માટે યોજાશે ? તે અંગે કારણો આપતાં એક રાજકીય તજજ્ઞએ જણાવ્યું હતું કે ચાર રાજ્યમાં ભગવો લહેરાયો તેનાથી દેશભરમાં એક જબરજસ્ત પોઝિટિવ વાતાવરણ બંધાયું છે. તેનો લાભ ગુજરાતને પૂરેપૂરો મળી જાય તેમ છે. કોંગ્રેસ પક્ષ તેના ધોવાણથી આઘાતની ગર્તામાં સરી ગયો છે. અંદરોઅંદર દોષનો ટોપલો એકબીજાની ઉપર ઢોળાઈ રહ્યો છે. આઘાતની કળ વળતાં સારો એવો સમય જાય તેમ છે. ઉપરાંત ગુજરાતમાં સુરત કોર્પોરેશનથી પાયો નાખનાર 'આપલ્લને સમય ના મળે તે પણ જરૂરી છે. વડાપ્રધાનના આગમન સમયે જ ઈજીજીનો યોજાયેલા કાર્યક્રમ પણ આ બાબતની પુષ્ટિ કરે છે કે ભાજપની માધવસિંહ સોલંકીની ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડવાની ખ્વાહીશ પૂર્ણ થાય તેમ છે. આ તેના માટે સાનુકૂળ વાતાવરણ છે. જ્યારે ચૂંટણી તેના નિયત સમયે જ યોજાશે તેમ કહેનાર વર્ગની એવી નક્કર દલીલ છે કે ગુજરાતમાં ભાજપ માટે વાતાવરણ હંમેશાં સારું જ રહે છે. ભાજપનો કાર્યકર ગમે ત્યારે ચૂંટણી આવે હંમેશા તૈયાર જ હોય છે. પેજ પ્રમુખ સતેજ જ હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અદભુત કરિશ્મા અને ચાણક્ય ગણાતા મંત્રીશ્રી અમિત શાહનું ચુસ્ત આયોજન હંમેશા ઝળહળતું પરિણામ લાવવા સજ્જ હોય છે.

આ સંજોગોમાં વહેલી ચૂંટણી યોજવાનો કોઈ અર્થ જ નથી. બોર્ડ-નિગમમાં નિમણુંકો પણ બાકી છે. એ પણ એક કારણ છે. એક આગેવાને એમ કહ્યું હતું કે ચૂંટણી વહેલી આવે કે વર્ષના અંતમાં આવે બાકી નરેન્દ્રભાઈના રોડ શોથી વાતાવરણ જબરદસ્ત જામી ગયું છે. ભાજપના પ્રત્યેક કાર્યકર ચાર્જ થઈ ગયો છે જો કે આખોય મામલો 'જોલ્લ અને 'તોલ્લ માં અટવાયેલો છે.

# સંતરામપુર નગરના આવાસો વાલ્મીકિ વાસ માં લઘુશંકાના સ્થળ બન્યા

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા આશરે આઠ વર્ષ અગાઉ મુખ્યમંત્રી આવાસ યોજના ની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી પરંતુ વિવાદિત પ્રશ્નો ઉભો થવાના કારણે આ કામગીરી અધૂરી અને ખોરંભે જોવાઈ રહી હતી. આ આવશો ની અંદર વાલ્મીકિ વાસ ના અને આજુબાજુના રહીશો તેનો ઉપયોગ લઘુશંકા જવા માટે કરતાં હોય છે સરકારે આની પાછળ બે કરોડ રૂપિયા આશરે ખર્ચી નાખ્યા પરંતુ આ આવો ની અંદર બનાવેલા અલગ અલગ રૂમની અંદર ત્યાંના સ્થાનિક રહીશો પોતાના શૌચાલયના જવાના બદલે આવો ની અંદર લઘુશંકા કરતા હોય છે. દિવસ અને રાત્રિ સમયે પણ તેનો આ રીતે ઉપયોગ કરવામાં આવે છે. આશરે ૩૦૦ ઉપર બનાવેલા આ આવો સોની અલગ અલગ રૂમમાં બગાડ કરી મૂકેલો છે અને કેટલીકવાર આ અવસર ની અંદર ઓ સામાજિક પ્રવૃત્તિ રાત–દિવસ ચાલતી હોય છે. સરકારના આવશો પાછળ બે કરોડ રૂપિયા સલવાયા પરંતુ યોજનાનો લાભ મળ્યો નહીં ત્યાંના સ્થાનિક રહીશો લઘુશંકા કરવા જવા માટે ટેવાઈ ગયેલા છે જની કામગીરી બંધ પડી છે. ત્યાંથી દરેક આવાસ ની અલગ અલગ રૂમની અંદર આ રીતે બગાડી મૂકેલો છે અને અંદરની ભાગે ચારે બાજુ દીવાલો તોડીને નુકસાન કર્યું છે. નગરપાલિકા કામગીરી બંધ કર્યા પછી તેની સામે હજી સુધી નજર બી નથી કરી નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે આજે બનાવેલા આવાસ ની લઘુશંકા કરવા માટેનું સોચાલય બની ગયું છે શું આની પાછળ કોણ જવાબદાર છે. તે પ્રશ્નો ઉભો થયેલો છે. સ્થાનિક રહીશોનું વાલ્મીકિ વાસ માં દરેકના ઘરે સોચાલય હોવા છતાંય ઈરાદાપૂર્વક આવાસોની અંદર જઈને લઘુશંકા કરી બગાડ કરી મૂકેલો છે પરંતુ નગરપાલિકા કેમ ચૂપ છે.

# મોરવા(હ) ખાતે નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ યોજાયો




મોરવા(હ),

પંચમહાલ મોરવા હડફ તાલુકાના મોરવા હડફ ખાતે નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયકક્ષાના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર, જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ તખતસિંહ ,કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ દીપકભાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ ખેડૂતોને ખેડૂતલક્ષી તમામ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી હતી અને સૌને પ્રાકૃતિક ખેતી તરફ વળવા સમજ પુરી પાડી હતી.

# સંતરાપુરના નાનીકયાર ગાવમે પાણી પુરવઠા યોજનાનું મંત્રીના હસ્તે ખાતમુર્હત



સંતરાપુર,

જલ જીવન મિશન નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત સંતરામપુર તાલુકાના નાની ક્યાર ગામે પાણી પુરવઠા યોજના આશરે ૬૭.૦૪લાખના ખર્ચે મંત્રી કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે ખાતમુર્હત કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંતરામપુર તાલુકા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન હરીશભાઈ વળવાઈ, ભંડારા તાલુકા પંચાયત સભ્ય યોગેશભાઈ માલીવાડ તથા કોતરા અને મોટા અંબેલા સરપંચઓ અને ગામના સરપંચ અને ડેપોટી સરપંચ સહીત ગામના આગેવાનો હાજર રહ્યા.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઈચ્છા પણ દર્શાવશે. તમને સર્જનાત્મક કાર્ય કરવાની તક પણ મળશે,

વૃષભ: આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. ધંધામાં આકસ્મિક લાભ થવાની સંભાવના છે.

મિથુન: આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે અને લોકો દ્વારા તમારા કાર્યોની પ્રશંસા કરવામાં આવશે.

કર્ક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

સિંહ: આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન રહેવાની જરૂર છે.

કન્યા: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

તુલા: આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો.

વૃશ્ચિક:આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે. આજે તમને લાંબા સમયથી અટકેલા પૈસા મળી છે.

ધન: આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઈએ.

મકર: આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે.

કુંભ: વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઈએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

મીન: લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે. જ્ઞાન અને કળાથી સંબંધિત ક્ષેત્રોમાં તમામ પ્રયત્નો સફળ જોવા મળશે.






# દાહોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગ્રાઉન્ડ ખાતે ઢોલ મેળો યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતવી આગવી એવી આદિવાસી લોક સંસ્કૃતિ અનેરી છે. એટલું જ નહી લોક સંસ્કૃતિએ માનવ જીવનનુ એક અવિભાજ્ય અંગ છે. સમયના વહેણની સાથે પરિવર્તનશીલ માનવ સમાજની ભાતીગળ લોકસંસ્કૃતિની પરંપરાનો પ્રવાહ અવિરત ચાલ્યા કરે તેની ગરીમા અને ગૌરવગાથા અકબંધ રહે તેમજ તેની પાછળના મુળ રહસ્યો આજનો યુવાન જાણતો થાય તેમા રૂચી કેળવે તેવા ઉમદા આશયથી છેલ્લા ૧૫ વર્ષથી ભીલ સમાજ સુધારણા મંડળ દ્વારા આયોજીક ઢોલમેળો દર વર્ષે શહેરના સીટી ગ્રાઉન્ડ ખાતે યોજાય છે પરંતુ આ વખતે આ ઢોલ મેળો દાહોદ શહેરમાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો જેમાં દાંતા થી ડાંગ સુધીની અલગ અલગ આદિવાસી શૈલીની નૃત્ય મંડળીઓ ઢોલ નગારા સાથે ખાસ્સુ આકર્ષણ જમાવ્યું હતું. અત્રેના આ લોકમેળાની ઉપલબ્ધી ગણાતો ઢોલમેળામાં વિવિધ રાજ્યોના આશરે ૨૦૦ ઉપરાંતના ઢોલ આ મેળામાં આવ્યા હતા. તો ભીલ સમાજ સુધારણા મંડળ દ્વારા ઢોલ મેળાની સાથે આદિવાસીઓએ કુટેવો, કુરિવાજો, અંધશ્રદ્ધા, દારૂ વિગેરે છોડી સાંપ્રત સમાજની સાથે કદમ મેળવવાના સપથ લેવડાવી લોકસાંસ્કૃતિકનુ જતન કરવાનુ આહવાન કર્યુ હતુ. ઢોલમેળામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ટુકડીઓને રોકડ ઈનામ અપાયુ હતુ તો ભાગ લેનાર તમામને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અત્રેના આ ઢોલ મેળામાં દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર શહીત અનેક મહાનુભવો પધાર્યા હતા અને આ ઢોલ મેળામાં કોઈ અનીચ્છીનીય બનાવ ન બને તેની તકેદારી રાખી દાહોદ પોલીસ દ્વારા આ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઢોલ મેળામાં ખાસ આકર્ષણનું કેન્દ્ર દર વર્ષે સેલ્ફી રસીયાઓમાં વધુ જાવા મળ્યુ છે. સેલ્ફી રસીયાઓ દ્વારા આ ઢોલ મેળામાં આકર્ષક ઢોલવાળા લોકો સાથે સેલ્ફી ફોટો ક્લીક કરતા પણ જાવા મળ્યા હતા. આ ઢોલ મેળામાં દાહોદ જિલ્લાની આદિવાસી,ભીલ સમાજની પ્રજા તો ખરી જ પરંતુ જિલ્લાને અડીને આવેદ મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનની સરહદે રહેતા સમાજના લોકો પણ મોટી સંખ્યામાં આ મેળામાં ઉપસ્થિત રહી મેળાનો લાભ ઉઠાવ્યો હતો. ઢોલમેળામાં આકર્ષણ રૂપ ટુકડીઓની ઝલક.

# દાહોદ-ગોધરા નેશનલ હાઈવે પર આઈસર ટેમ્પોમાં મગફળીના આડમાં લઈ જવાતો ૫૧.૭૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો



દાહોદ,

દાહોદ તાલુકા તાલુકામાંથી પસાર થતો ગોધરા રોડ નેશનલ હાઈવે પરથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક મગફળી ભરેલ આઈસરની તલાટી લેતાં તેમાં મગફળની આડમાં વિદેશી દારૂનો કુલ રૂા. ૫૧,૩૭,૨૦૦નો પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડી કબજે કરી પોલીસે કુલ રૂા. ૬૧,૪૪,૯૨૦ના મુદ્દામાલ સાથે આઈસર ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

આજરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકામાંથી પસાર થતાં ગોધરા રોડ નેશનલ હાઈવે પર વોચ ગોઠવી ઉભા હતાં. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક આઈસર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને આઈસર ગાડીને ઉભી રખાવી તેમાં સવાર ચાલક દેવારામ વિરમારામ જાખડ (જાટ) (રહે. કકરાલા મુલાની ગામ બાકાસર, તા. ચૌહટન, જિ. બાડમેર, રાજસ્થાન) ની અટકાયત કરી પોલીસે આઈસર ગાડીની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આઈસર ગાડીમાં મગફની ગુણોની આડમાં વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૮૦૫૨ કિંમત રૂા. ૫૧,૩૭,૨૦૦ના પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૬૧,૪૪,૯૨૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઉપરોક્ત ચાલક વિરૂધ્ધ દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવગઢબારીયા પાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરીમાં સરકારી દવાખાનાની કમ્પાઉન્ડ દીવાલ પડી જતા રહીશોમાં ફફડાટ

દાહોદ,

દેવગઢબારીયા પાલિકા તંત્ર દ્વારા આજકાલ રોડ, રસ્તા, પાણી, વીજળી જેવી સુવિધા માં જનતા માટે લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી વિકાસ નાં કામો જોરશોર માં કરાઈ રહ્યાછે.એસઆર હાઈસ્કૂલ ની સામે રોડ ની સાઈડ માં ત્રણેક વર્ષ પહેલા લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી બ્લોક પેવલિંગ કરી ત્યાં બેસવા માટે લોખંડ નાં બાંકડા મુકવામાં આવ્યા હતા. જે બાંકડાઓ માત્ર ત્રણ ચાર મહિના માં રાતોરાત એક સાથે કયા ગાયબ થઇ ગયા તેની હજુ કોઈને ખબર પણ નથી તે જગજાહેર છે.

આ રોડની સાઈડ માં બનાવેલ ભૂગર્ભ ગટર નાં ઢાંકણા હજુ પણ ખુલ્લા પડયા છે. જયા નજીક માં દેવગઢબારીયા ની નામાંકિત શાળા આવેલ છે. કદાચ કોઈ બાળક ભૂલ થી આ ગટર માં પડી જાય તો તેના માટે જવાબદાર કોણ..??. અને આ શાળા નજીક અને સરકારી દવાખાના થી અનાજ નાં ગોડાઉન તરફ જવાનાં ડામર રોડ ની સાઈડ માં વર્ષો જૂની ગટર ની ગંધાતી સમસ્યા હતી જે સમસ્યા નો આખરે નવા પ્રમુખ ડો ચાર્મી સોની બનતા દુર્ગંધ મારતી આ ગટર નું નવીનીકરણ કરવા ની કામગીરી શરૂ કરવામાં આવી. દોઢ માસ જેટલો સમય આ ગટર ની કામગીરી માં થવા આવ્યો છે પણ હજુ કામગીરી પુરી થઈ નથી. જે ગટર ની કામગીરી ચાલુ છે તેને અડીને સરકારી દવાખાના ની કમ્પાઉન્ડ દીવાલ આવેલી છે. પાકી ગટર નાં બાંધકામ માં આ દીવાલ કારીગરો ની બેફિકરાઈ નાં કારણે હાલ માં અડધી દીવાલ જમીનદોસ્ત થઈ ચુકી છે. દીવાલ ની નજીકનાં વિસ્તાર માં સરકારી દવાખાના માં નોકરી કરતા અધિકારીઓ અને કર્મચારીઓ નાં રહેણાંક સરકારી મકાન આવેલા છે. આ મકાન પાસે આવેલ કમ્પાઉન્ડ દીવાલ પડી જતા સરકારી ક્વાર્ટર માં રહેતા પરિવાર માટે રાત્રી નાં સમયે કોઈ ચોર તસ્કરો ઘુસી જશે તેવી ચિંતા માં રાત વિતાવવા પડતું હોય છે.છેલ્લા કેટલાય દિવસ થી આ ભૂગર્ભ ગટર ની કામગીરી પણ બંધ છે. વર્ષો જૂની ગંધાતી કોતરડી જેવી ગટર ને નવીન બનાવવા ની કામગીરી જેટલાં જોરશોર માં શરૂ કરાઈ તેટલા જ અંશે ફરીથી કામગીરી ઠપ્પ પણ થઈ ગઈ જેનું કારણ સરકારી દવાખાના ની કમ્પાઉન્ડ દીવાલ પડી ગઈ હોવાનું ખાનગી સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આમ દેવગઢબારીયા પાલિકા તંત્ર દ્વારા સરકારી દવાખાના થી અનાજ ગોડાઉન તરફ ની વર્ષો જૂની ગટર ને પાકી ભૂગર્ભ ગટર ની કામગીરી તથા નજીક માં પડી ગયેલ દવાખાના ની કમ્પાઉન્ડ દીવાલ પણ જેતે જવાબદાર તંત્ર વહેલી તકે પૂર્ણ કરે તે જરૂરી છે.

# હોળી-ધુળેટી પર્વની ઉજવણીના આનંદમાં રાહદારીઓ કે વાહનચાલકો પર રંગ-પાણી ભરેલા ફૂગ્ગા નાખનાર સામે કાર્યવાહી કરાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી હોળી અને ધુળેટી પર્વ તેમજ આ નિમિત્તે વિવિધ મેળાઓ પણ યોજાશે ત્યારે પર્વની ઉજવણીના ઉમંગમાં વિવેક ભૂલીને વાહનચાલકો પર પાણી ભરેલા ફૂગ્ગા કે પ્લાસ્ટીકની થેલીઓ નાખનાર સામે કાર્યવાહી કરાશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે એક જાહેરનામા દ્વારા આ સંદર્ભે આદેશો કર્યા છે.તદ્દઅનુસાર, હોળી તથા ધુળેટીના પર્વ અને મેળાઓ દરમ્યાન કોઇ પણ વ્યકિત કે વ્યકિતઓએ મંડળી બનાવી શહેર તથા ગ્રામ્ય વિસ્તારોના જાહેર સ્થળો અને માર્ગો ઉપર આવતા જતા રાહદારીઓ, વાહનચાલકો, મકાન કે મિલ્કતો તેમજ વાહનોમાં મુસાફરી કરી રહેલા મુસાફરો કે માલસામાન ઉપર કાદવ, કીચડ, રંગ અથવા રંગમિશ્રિત કરેલું પાણી, તેલ તથા તેવી કોઇ વસ્તુ ભરેલ ફુગ્ગા, પ્લાસ્ટીકની થેલી કે વસ્તુ નાખવી નહી. તેમજ પર્વ દરમિયાન કે જાહેર માર્ગો ઉપર આડસ પથ્થર મૂકીને કે અન્ય રીતે આડસ કરીને વાહનો રોકવા નહી તેમજ પૈસા ઉઘરાવવા નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

# મહિલા સાહસિકોને ઉદ્યોગલક્ષી એન્ટ્રીપ્રીનિયરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, મોડ્યુલ-૨ ની તાલીમ યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાનાં ફતેપુરા તાલુકા મથક ખાતે લોકસેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વડોદરા સ્થિત CED ની ઓફીસ ના સહયોગ થકી ૩૫ જેટલી મહિલા સાહસિકોને ઉદ્યોગલક્ષી તાલીમ આપવામાં આવી હતી. ફેકલ્ટી પ્રશિક્ષક હીરાલાલ સોલંકીએ હિસાબી વ્યવસ્થા, ધિરાણ અરજી પત્રક અને લોન મેળવવાની સમજુતીની વિસ્તૃત જાણકારી તાલીમાર્થીઓને આપી હતી. તાલીમના સંચાલક નાથુભાઈએ સૌનો આભાર માની તાલીમનું સમાપન કર્યું હતું.

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર





રાજ્યમાં માર્ગ નિર્માણ મામલે વર્લ્ડ રેકોર્ડ કર્યો છે, રોડ બનાવવામાં ઝડપી કામ એટલે કે નિર્ધારિત સમય કરતા પણ વહેલા કામ ઝડપી પરિપૂર્ણ કરી અને વિશ્વમાં ગુજરાતે નામના મેળવી છે,એક સમય એવો હતો જ્યારે ૧૦ કિમીનો રોડ બનાવવામાં મહિનાઓ પસાર થઈ જતા હતા. પરંતુ જેમ જેમ ટેકનોલોજીમાં બદલાવ આવતો ગયો તેમ તેમ રોડ નિર્માણમાં પણ ગતિ આવી. તેમાંય ભારત માલા દિલ્હી – મુંબઈ નેશનલ કોરિડોર અંતર્ગત પંચમહાલ જિલ્લામાંથી પસાર થઈ રહેલા માર્ગના નિર્માણમાં વર્લ્ડ રેકોર્ડ સર્જાયો છે. આ ક્ષેત્રમાં ૫૦ કિમીનો રોડ માત્ર ૧૦૦ કલાકમાં બનાવાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ આ યોજના અંતર્ગત પંચમહાલમાં ૨૨ કિમી જેટલો ૮ લેનનો કોરિડોર બનાવવાનો છે ત્યારે રોડ બનાવતી કંપની પીએનસી ઈન્ફ્રા દ્વારા ૪-૪ લેન મળીને ૫૦ કિમીનો માર્ગ બનાવવા એક માસથી તૈયારી ચાલી રહી હતી. કાલોલ તાલુકાના ભાદ્રોલી પાસેથી પસાર થતા કોરિડોર નિર્માણ માટે ૫૦૦ શ્રમિક અને ૧૫૦ મશીન સહિત વાહનોથી ૧૦૦ કલાકમાં ૪૨૬૬૬ મેટ્રિક ટન મટિરિયલ્સ વાપરીને ૫૦.૦૩ કિમીનો રોડ બનાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. હાઈવે બનાવતી વખતે ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ હાજર રહી હતી. શનિવારે બપોરે ૧૨.૩૦ કલાકે ૫૦.૦૩ કિમી માર્ગનું કામ પૂર્ણ થયું હતું. ૧૦૦ કલાકમાં ૫૦.૦૩ કિમી રોડનો રેકોર્ડ બનતાં અગાઉનો ૯૩ કલાકમાં ૨૦.૮ કિમી ૧૯ હજાર મે.ટન મટિરિયલથી બનેલા માર્ગનો રેકોર્ડ તૂટયો હતો.

ઉત્તરપ્રદેશના બુંડેલખંડમાં અશોક બિલ્ડકોન દ્વારા માર્ગ બનાવાય છે. આ કંપની દ્વારા ૯૩ કલાકમાં ૧૯૭૫૬ ડામર મટિરિયલથી ૨૦.૮ કિમી માર્ગ બનાવીને વર્લ્ડ રેકોર્ડ કરાયો હતો. તેના ૪૫ કલાકમાં જ કાલોલ પાસે ૫૦ કિમીનો માર્ગ ૧૦૦ કલાકમાં બનાવીને રેકોર્ડ તોડ્યો હોવાનું પીએનસી કંપનીના અધિકારી દુરવેસ શર્માએ જણાવ્યું હતું.

## ગોધરા તાલુકાની ચિખોદ્રા ગામની સર્વે નંબર ૮૭ વાળી સરકારી પડતર જમીનમાં ગ્રામ્ય મામલતદારે કરેલ હુકમ અંગે અનેક શંકા કુશંકાઓ

### ચિખોદ્રા ગણોતધારાની શરત ભંગવાળી મુળ રામજી મંદિરની જમીનનો કબ્જા હકકનો હુકમ થયો.

ગોધરા,

ગોધરા તાલુકાના ચિખોદ્રા ગામના રે.સર્વે નંબર–૮૭ આકાર ૩૮–૪૫ ગુંઠાવાળી જમીનમાં જે નોંધ નં.–૨ રામજી મંદિરની હતી. પરંતુ સરકારી જોગવાઈઓ પ્રમાણે આ જમીન રામાભાઈ હેમાભાઈ વિગેરેને ગણોતધારા હેઠળ આપવામાં આવેલ જે કોઈપણ બાબતે ખામીના કારણે સરકારી પડતર થયેલ છે. પરંતુ કોઈ સંજોગોમાં કોઈપણ જાતની શરતભંગ થાય તો આ અંગે મુળ માલિકને તુરંત જાણ કરવામાં આવે છે. તેમ છતાં ગોધરા જે તે સમયના જી.સી.ગરાસીયા ગ્રામ્ય વિભાગ દ્વારા આ અંગેની કોઈપણ જાતના રેવન્યુ રેકર્ડ ચડાવવામાં આવ્યો ન હતો અને ગોધરામાં મોટા પ્રમાણમાં બિલ્ડર અને જે હાલમાં ચિખોદ્રા ગામના સરપંચ હોય તેવા સિરાજ યુસુફ દોલતીના નામ સરકાર હસ્તક ચાલતી કબ્જા હકકની રકમ ૩૮૮ રૂપીયામાં પોતાના હકક અધિકાર ન હોવા છતાં તેમજ મુળ માલિકા રામજી મંદિર ટ્રસ્ટના વહીવટદારની જાણ બહાર ખોટી રીતે નંબર ગણત/૮૪૬ એસ.આર.નંબર/૨/૨૦૨૦ તા.૧૨/૦૩/૨૦૨૧ના રોજ ખોટા જવાબ પંચકયાસ, કબ્જા પાવતી તેમજ સોગંદનામમું ખોટી રીતે કરી ખોટા દસ્તાવેજ ઉભા કરી અને કરાવી તલાટીના મેળાપીપણામાં ૮૦ લાખ વાળી જમીન નજીવા ભાવમાં જી.સી.ગરાસીયા મામલતદાર ગ્રામ્ય વિભો ખોટો હુકમ કરેલ છે. તરફથી તેમના અધિકાર પરત્વે રેવન્યુ રેકર્ડ તથા સરકારશ્રીના પરિપત્ર ધ્યાને લઈ અવલોકન કરવાની સરકારશ્રીએ ગુજરાત રાજ્યના તમામ પ્રાંત અધિકારીઓને જવાબદારી સોંપેલ છે. તેમ છતાં ગોધરા પ્રાંત અધિકારી એ આ બાબતે ગણા મોટા પ્રમાણમાં ગેરરીતિ કરેલ છે. જો આવી થયેલ ગેરરીતિની સરકાર પંચમહાલ જીલ્લા કલેકટરને સોંપવામાં આવે તો આવી ગેરરીતિઓ બહાર આવે તેમ છે. જમીનમાં થયેલ ગેરરીતિની તપાસ યોગ્ય રીતે કરવામાં આવે તો આવા કેટલાય ગેરરીતિના કિસ્સાઓ ખુલે તેમ છે.

ગોધરા તાલુકાના ગ્રામ્ય વિભાગ સર્કલ દ્વારા પોતાના અભિપ્રાય તા.૨૨/૧૦/૨૦૨૦ જા.વ.નંબર નાખ્યા વગર ગોધરા ગ્રામ્ય મામલતદારને પરત કરેલ છે. તેમજ તલાટી દ્વારા જવાબ તથા મુળ ગણોતિયાનો જવાબ પંચકયાસ તેમજ કબ્જા પાવતીમાં તલાટી ગામ ચિખોદ્રા એ કોઈપણ જગ્યાએ તારીખ દર્શાવવામાં આવેલ નથી.

ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નંબર–૨ જે રામજી મંદિર જમીનોની છે અને આ નોંધ ઓનલાઈન હોવા છતાં મોટા પ્રમાણમાંમાં અસામાજીક તત્વો દ્વારા જે રેવન્યુ વિભાગ સાથે ઘોરંબો ધરાવે છે. તેવા મોટા માથાના કહેવાથી આ નોંધ આજદિન સુધી ગોધરા ઈ–ધરા તથા પ્રાંત અધિકારી દ્વારા પોતાની સત્તા હોવા છતાં વહીવટી નામે ચિખોદ્રાની નોંધ નંબર–૨ ઓનલાઈન ન મુકવા બાબતે ધ્યાનમાં લીધેલ નથી.

## ગોધરાના વૃધ્ધની હત્યા બાદ નર્મદા કેનાલમાં ફેંકી દેવાયેલ મૃતદેહ આઠ દિવસે અડાલજના જાસપુર ગામ પાસેથી મળ્યો


ગોધરા,

ગોધરાના ભુરાવાવ નવદિપ સોસાયટીના ૬૮ વર્ષીય વૃધ્ધની હત્યા કરી નર્મદા કેનાલમાં ફેંકી દેવાયેલો મૃતદેહ આઠ દિવસે ગોધરા પોલીસને અમદાવાદમાં અડાલજ નજીક નર્મદા કેનાલના જાસપુર ગામ પાસેથી મળી આવ્યો. મૃતદેહને શોધવા માટે ૮ ટીમોની રચના કરાઈ હતી. પોલીસનો શોધખોળ દરમિયાન અન્ય ૩ મૃતદેહ પણ મળી આવ્યા છે. જાસપુર ગામ પાસેથી ગોધરાના વૃધ્ધનો મૃતદેહ ડીસ્પોઝ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે પહેરેલ કપડા ઉપર દરજીના સિમ્બોલ ના આધારે ઓળખ છતી થઈ છે.ગોધરા શહેર ભુરાવાવ વિસ્તારના નવદિપ સોસાયટીમાં રહેતા મનહરભાઈ ઝાલાએ આઠ દિવસ પહેલા ઉછીના આપેલ રૂપીયા પરત માંગવાના કિસ્સામાં અદાવત રાખીને રેખા પરમાર અને તેના પ્રેમી સંજય અને મિત્ર રાહુલ પરમાર સાથે મળીને મનહરભાઈ ઝાલાની હત્યાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. તા.૪ માર્ચના રોજ રાત્રીના સમયે મનહરભાઈ ઝાલાની એકસઠ પાટીયા નર્મદા કેનાલ ખાતે લઈ જઈને ગળે ટુંપો દઈને હત્યા કરવામાં આવી હતી. હત્યારાઓએ હત્યાના પુરાવા ન મળે તે માટે મૃતદહેને નર્મદા કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હતો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસે ત્રણ આરોપીઓની હત્યાના ગુનામાં ઝડપી પાડવામાં આવ્યા હતા અને હત્યારાઓની કબુલાત પ્રમાણે નર્મદા કેનાલમાં ફેંકવામાં આવેલ મૃતદેહની શોધખોળ ચલાવવામાં આવી રહી હતી. પંચમહાલ પોલીસે ૮ જેટલી ટીમો બનાવીને નર્મદા કેનાલમાં મૃતદેહ શોધખોળ કરવામાં આવી રહી હતી. છેલ્લા આઠ દિવસથી મૃતદેહ નહી મળતાં પોલીસે નર્મદા કેલના ખુંદવાની કામગીરી કરાઈ હતી. દરમિયાન અમદાવાદના અડાલજ નજીક આવેલ જાસપુર ગામ પાસે નર્મદા કેનાલ માંથી ડીસ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ઓળખ છતી કરવા માટે મૃતદેહ ઉપર પહેરેલ કપડા ઉપર દરજીના સિમ્બોલના આધારે મૃતદેહ ગોધરાના મનહરભાઈ ઝાલાનો હોવાનું સાબિત થયું હતું. ૪ માર્ચ થી નર્મદા કેનાલમાં હત્યા કરી ફેંકી દેવાયેલ મૃતદેહ આઠ દિવસે મળી આવ્યો.

## ગોધરાના વયોવૃધ્ધ નિવૃત કર્મચારી સામે લેન્ડ ગ્રેબિંગની કરવામાં આવેલ અરજી રદ કરવામાં આવી !

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા સરકારી જમીનોમાં અને ગેરકાયદેસર મિલ્કતોમાં પ્રવેશ અને દબાણ કરનારાઓ સામે લેન્ડ ગ્રેબિંગના કાયદાનો અમલ મુકયો છે ત્યારે ગોધરા શહેરના રહીશ જીતેન્દ્ર ભગવાણી દ્વારા વર્ષો જુના કાયદેસરના ભાડુઆત અને કબજો ભોગવટો ધારણ કરતા અને મિલ્કત વેચનાર મૂળ માલિકે મિલ્કતોમાં કાયદેસરના ભાડુઆત છે તેમ જણાવીને આ મિલ્કત આપી હતી . આમ છતાં પણ ગોધરાના રહીશે જુના કાયદેસરના ભાડુઆતો સામે લેન્ડ બિંગના આક્ષેપો કર્યા હતા .



ઉલેખનીય છે કે આ મિલ્કતનું ખરીદ વેચાણ થયું તે પહેલાં દસ્તાવેજના સમયે અને આજની તારીખે પણ ભાડુઆતનો કબજો ભોગવટો હતો અને મિલ્કત દસ્તાવેજના વર્ણનમાં દુકાનદાર વેપાર ધંધો કરતા અને રહીશોનું ઘરમાં રહેઠાણ જોઈ શકાય છે તેમ છતાં જિલ્લા સમાહર્તાને ગેરમાર્ગે દોરી મિલ્કત પચાવી પાડવા અંગેની અરજી દાખલ કરી હતી જે અરજી સંદર્ભે પંચમહાલ કલેકટર દ્વારા સંદર્ભમાં નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર પંચમહાલ ગોધરાને તપા સોંપવામાં આવેલ હતી અને તેઓ દ્વારા તપાસ અહેવાલ રજૂ કરવામાં આવ્યું હતો . સુનાવણી દરમિયાન આધાર પુરાવ અને મૂળ મકાન માલિકના લેખિત નિવેદન ધ્યાને લઈ અરજી દફતરે કરવામાં આર્વ હતી . સરકારના લેન્ડ ગ્રેબિંગ એકટન કાયદો કાયદેસરના ભાડુઆતને લાર પડતું નથી તેની જાણ હોવા છતાં તેન ખોટો ઉપયોગ કરી સરકારના પ્રજાહિતન કાયદોનો દુરૂપયોગ કરી સરકારની છા જન માનસમાં ખોટી ઉભી થાય તેવા પ્રયત કરેલ છે . હાલમાં જમીન માફિયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલ માથભારે તત્વો દ્વારા લેન્ડ ગ્રેબીગ કાયદાર્ન આડમાં વર્ષો જુના ભાડુઆતોની મિલ્કતો ખરીદ વેચાણ ખુબ જ જોરશોરથી થઈ રહ્યું છે અને માત્ર ટુક સમયમાં ખરીદે મિલ્કતઓમાં વર્ષો જુના કાયદેસરન કબજેદારોને હેરાન કરવામાં આવે છે તેવું સ્થાનિક શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

## એ.પી.એમ.સી ગોધરાના ચેરમેન દ્વારા જિલ્લાના ખેડૂતોને હારવેસ્ટર ફાળવવા કૃષિ મંત્રીને રજુઆત

ગોધરા,

ભારતીય કૃષિને આધુનિક અને સ્માર્ટ બનાવવાં માટે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા પણ ખેડૂતોના હિત માં વિવિધ જોગવાઈઓ થાય તેવી કાર્યવાહી કરેલ છે.

ગોધરા તાલુકાના ખેડૂતો દ્વારા સરકારી સાધનની સહાય મેળવવા આઈ ખેડુત પોર્ટલ ઉપર અરજી કરી રહ્યા છે. અને ઓનલાઈન અરજી મારફતે પારદર્શિતાથી સરકારી સહાય મેળવી રહેલ છે. રાજ્ય સરકાર ખેતીવાડી યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં હારવેસ્ટરની ફાળવણી ખુબજ ઓછી છે. અને ઘણા સંજોગમાં એક કે બે નું લક્ષ્યાંક હોય છે.

જિલ્લામાં સાત તાલુકા છે તેવા સંજોગોમાં દરેક તાલુકામાં *બે હારવેસ્ટર* આપવામાં આવે તો ખેડૂતોને ખુબજ સરળતા રહે રહે તેમ હોઈ બજાર સમિતિ ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કૃષિમંત્રી રાઘવજી પટેલને લેખિત રજુઆત કરેલ છે.ગોધરા તાલુકાના મુખ્ય પાકમાં ડાંગર, ચણા સોયાબીન, ઘઉં રહે છે. પરંતુ તાલુકામાં સરકારી સહાયથી કોઈ હારવેસ્ટર નથી. તેવા સંજોગોમાં ખેતીમાં મુશ્કેલી રહે છે. અને ગોધરા તાલુકામાં કોઈ હારવેસ્ટર સરકારી યોજનામાં મળેલ નથી. જેથી ખેડુત હિતમાં ગોધરા તાલુકાને *ખાસ કિસ્સામાં હારવેસ્ટર* આપવામાં આવે તેવી રજુઆત પણ કરવામાં આવેલ છે. ગોધરા ખાતે ગરીબ કલ્યાણ મેળા માં પધારેલ કૃષિ મંત્રી રાઘવજી પટેલને એપીએમસી ગોધરાના ચેરમેન આ બાબતે રજુઆત કરેલ હતી. અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા અને સંબધિત ને સૂચના થવા રાજેન્દ્રસિંહ ચૌહાણને મંત્રીએ જણાવેલ હતું *આજ રોજ રાજ્ય સરકારના કૃષિ મંત્રીને ખેડુતહિત માં વિનંતીપત્ર પાઠવવામાં આવેલ

## ઘોઘંબાના કંકોડાકોઈ ગામે દીપડાએ ઘર સામે બાંધેલ વાછરડીનું મરણ કરતાં પંથકમાં ભયનો માહોલ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કંકોડાકોઈ ગામે ગત રાત્રિએ શિકારની શોધમાં નિકળેલા દિપડો અનિલસિંહ સોલંકી ના ઘર સુધી આવી પહોંચ્યો હતો. જ્યાં ઘર સામે આવેલા ગમાણમાં બાંધેલા વાછરડા ઉપર હુમલો કરી તેનું મારણ કર્યું હતું વાછરડું દોરીથી બાંધેલું હોય તેને લઈ જવામાં સફળતા ન મળતા દીપડાએ શિકાર ને સ્થળ ઉપર જ ખાઈને



અંધારાનો લાભ લઈ નાસી છૂટયો હતો. ઘર તેમજ ખેતરની આજુ બાજુમાં શિકારી પશુના પગના નિશાન પણ મળી આવ્યા છે.

સવારના સમયે ઘરના સભ્યોએ જ્યારે દૂધ દોહવા માટે ગમન તરફ જતા વાછરડાને મળેલું જોતા ઘરના સભ્યોને જાણ કરી હતી દીપડાએ શિકાર કર્યો હોવાની વાત વાયુવેગે પંથકમાં ફેલાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે તંત્ર દ્વારા હિંસક દીપડાને પાંજરે પૂરવામાં આવે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે

## કોમર્સ કોલેજ ગોધરા ની એન.એસ.એસ શિબિર સંપન્ન

ગોધરા,

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પ્રીતમ મુનીજી મહારાજ ની પ્રેરક ઉપસ્થિતિમાં સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાની સાત દિવસીય જાણ જાગૃતિ શિબિર પ્રાથમિક શાળા વાવડી બુઝુર્ગ ખાતે સંપન્ન થઈ .આ પ્રસંગે પધારેલા પરમ પૂજ્ય પ્રીતમ મુનિએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી જીવન ઉપયોગી બાબતો જણાવી શિબિરાર્થીઓને ખુશ ખુશાલ કરી દીધા હતા. આ પ્રસંગે ખાસ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના એનએસએસ વિભાગના કોર્ડીનેટર ડો. નરસિંહભાઈ પટેલ, એડવોકેટ અને બિલ્ડર એવા મિતેશકુમાર બસરાણી, નગરપાલિકા ગોધરાના કાઉન્સિલર રાકેશકુમાર રાણા, વરદાન ટ્રસ્ટમાંથી મેહુલ ચાંપાનેરીયા, સુનીલભાઈ સહિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો કાર્યક્રમ જાણ્યો હતો અને માણ્યો હતો.

પ્રારંભમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસર પ્રોફેસર અરૂણસિંહ સોલંકીએ ઉપસ્થિત મહેમાનો ને સાત દિવસીય શિબિરની માહિતી ટૂંકમાં આપી હતી. ખાસ કરીને આ વિદ્યાર્થીઓએ વાવડી ગામના ઘરોમાં જઈને સર્વે કરી કોના ઈ શ્રમ કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ શાળા ખાતે બોલાવી સ્થળ પર જ કાર્યવાહી પૂરી કરી ગ્રામજનોને ખુશ કરી દીધા હતા . તે ઉપરાંત આ સાત દિવસોમાં પરવડી ખાતે ચાલતી જીવદયા ગૌશાળાની મુલાકાત, શ્રમદાન થકી સ્વચ્છતા, શાળાના બાળકો સાથે રમત ગમત અને ભોજન ,સ્વચ્છતા અભિયાન ,બ્લડ ડોનેશન ,થેલેસેમીયા ચેકઅપ કેમ્પ ,ગરબા અને ડાન્સ, અંતાક્ષરી, ડોક્ટર દાસીયાણી સાહેબ અને ડોક્ટર શ્યામસુંદર શર્મા સાહેબ દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પ ,પ્રસિદ્ધ હાસ્ય કલાકાર દિવાકર શુક્લનો મોટીવેશન વિથ મનોરંજન કાર્યક્રમ, કોમર્સ કોલેજના પ્રો.અજીતસિંહ ચૌહાણ સાહેબનું માનનીય પ્રવચન,બોડેલીના આચાર્ય જીજ્ઞેશભાઈ શાહનું મહિલા દિન નિમિતનું ખાસ વ્યાખ્યાન ના પ્રિય એવા આર્ટ ઓફ લિવિંગના શિક્ષક નરેશભાઈ તથા મુકેશભાઈ પટેલ, યુવા સામાજિક કાર્યકર કૈલાશ કારિયા દ્વારા વિશેષ માર્ગદર્શન ઉપરાંત કોલેજના વિદ્યાર્થી ભાવિન ભોઈ દ્વારા જીવ દયા અંગેની કામગીરી ,પ્રિ હોળીની ઉજવણી સહિત અનેક કાર્યક્રમો ની આછી ઝલક આપી હતી શિબિરની શરૂઆત માં જીલ્લા પંચાયત પંચમહાલ ના પ્રમુખ કુમારી કામિનીબેન ગોપાલસિંહ સોલંકી , ગ્રામ પંચાયત વાવડી ના સરપંચ મોનિકા બેન રાઠોડ ,તાલુકા કારોબારી અધ્યક્ષ અને પૂર્વ સરપંચ ધર્મેન્દ્ર સિંહ રાઠોડ, શાળાના આચાર્ય ભાવેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્યથી કેમ્પ શરૂ કરી કેમ્પને શુભકામનાઓ પાઠવી હતી .

કેમ્પ ની મુખ્ય પ્રવૃત્તિ એ રહી કે કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ વાવડી ગામના ગ્રામજનોના આધાર કાર્ડના આધારે ઈ શ્રમ કાર્ડ તથા આયુષ્યમાન કાર્ડ કાઢી આપી ગ્રામજનોની મુશ્કેલીઓ દૂર કરી હતી.

## હોળી પહેલાં હરખ આપ્યો સ્માઈલ ફાઉન્ડેશન દાહોદ એ ...

છેલ્લા બે વર્ષથી દાહોદ પંચમહાલ તથા મહિસાગર જિલ્લામાં કુલ ૬૦ જેટલી શાળાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પોતાના ફાઉન્ડેશન થકી સતત પ્રયત્નશીલ અને સેવા થકી સમાજ ને દેશની સેવા કરતા આ ફાઉન્ડેશન દ્વારા આજે ખરોડ માં આવેલી કાંકરી ડુંગરી પ્રાથમિક શાળા માં ધોરણ ૧ થી ૮ ની તમામ વિધાથીરઓ પૈકી શાળા માં અભ્યાસ કરતી તમામ દિકરીઓને ગણવેશ તથા વસ્ત્ર ની ભેટ આપી હતી.



મેરા નામ જોકર નો રાજકુમાર જી નો એક ડાયલોગ છે કે “ જો લોગો કો હસાતા હૈ ખુદા ઉસકે લીએ ઈબાદત કરતા હૈ“

આમ તો સમાજ , સરકાર તથા શિક્ષકો સતત સામાજિક એકતા , સમાનતા તથા સામાજિક જવાબદારી નિભાવે છે. તેવા સમયે કોઈ એક ફાઉન્ડેશન થકી દિકરા દિકરી એકસમાન રહે, સમાજમાં જેન્ડર રેશિયો એટલે કે સ્ત્રી પુરૂષ ના ભેદ ને ભૂલવવા તથા તેને સમાન ગણાય તથા દિકરીઓ અભ્યાસ કરી આગળ વધતી રહે તે માટે થઈને આ સંસ્થા / ફાઉન્ડેશન સતત કામ કરે છે. દરેક વ્યક્તિ પોતાની એક આવકનો ભાગ સામાજિક ઉત્થાન, શિક્ષણ ને વંચિત , શોષિત તથા જરૂરિયાતોમંદ લોકોને મદદરૂપ થવા માટે પ્રયત્ન કરતા હોય છે. આવા સમયે આ ફાઉન્ડેશન ના તમામ સદસ્યો હર હંમેશ કોઈ પણ જિલ્લા માં આવેલ શાળાઓમાં કામ કરે છે. તેમના થકી દિકરા દિકરી નો ભેદ મટે , લોકો શિક્ષણ નું મહત્વ સમજે તે માટે કામ કરે છે. આ વર્ષે તેમણે ઘણી શાળા માં આ રીતે સેવાકીય કાર્ય કર્યું છે.

કાંકરી ડુંગરી પ્રાથમિક શાળા માં આ તબક્કે સમગ્ર શાળા પરિવાર , શાળા ના આચાર્ય , શાળા પરિવાર ના બહેનો , સ્માઈલ ફાઉન્ડેશન ના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે શાળા માં છોકરીઓ ને કપડા તથા છોકરાઓને બિસ્કીટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રમહેશભાઈ પંચાલે કર્યું હતું. જ્યારે સ્વાગત પ્રવચન શાળા ના આચાર્ય મહેશ ડામોર દ્વારા તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેની આભાર વિધિ શાળા ના આચાર્ય દ્વારા કરવામાં આવી હતી.

સમગ્ર સેવાના કામમાં મદદરૂપ થનાર નામી અનામી તમામ લોકોનો આ તબક્કે શાળા પરિવાર તથા એસ એમ સી કાંકરી ડુંગરી એ આભાર વ્યક્ત કર્યો હતો.

મારા થકી લગભગ આ ૮ મી શાળા માં સ્માઈલ ફાઉન્ડેશન સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો જે બદલ હું સ્માઈલ ફાઉન્ડેશનનો પણ ખૂબ ખૂબ આભાર માનુ છું.

## પંચશીલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના NSS વિભાગનો વાર્ષિક શિબિરનો શુભારંભ

ગોધરા,

ગોધરા ખાતે આવેલ પંચશીલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન તારીખ ૧૧/૦૩/૨૦૨૨ થી ૧૭/૦૩/૨૦૨૨ દરમ્યાન ગોધરા તાલુકાના કોટડા ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દઘાટન કોલેજના પ્રમુખ ડો. જે.બી.પટેલના અધ્યક્ષ સ્થાને કરાયુ હતું શિબિરનું ઉદ્દઘાટન ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડીનેટર ડો.નરસિંહભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે સર્વોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ તેમજ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અધ્યાપક મંડળના પ્રમુખ ડો. મહાવીરસિંહ ડાભી,શાળાના આચાર્ય રંજનબેન મહેતા,કોટડા ગ્રામ પંચાયતના સરપંચ નિરમબેન ડામોર તેમજ મંચસ્થ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે કોટડા ગ્રામ્ય પંચાયતના માજી સરપંચ, શાળાનો સ્ટાફગણ તેમજ જખઈ કમિટીના સભ્યઓ, જિલ્લા પંચાયતના સદસ્ય ,કોટડા ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા ઉપરાંત કોલેજનો સ્ટાફગણ અને એન.એસ.એસ.ના સ્વયં સેવકો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય વિનોદ પટેલીઆએ સ્વાગત કર્યું હતુ. કોલેજના પ્રોગ્રામ ઓફીસર કિરણસિંહ બારીઆએ સાતદિવસીય શિબિરના વિવિધ કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. કોલેજની વિદ્યાર્થીનિઓએ પ્રાર્થના ગીત અને સ્વાગત ગીત રજૂ કર્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક પ્રતીક માળીએ કર્યું હતુ અને આભાર દર્શન કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યપાક ડો.મહેશ ચૌહણે કર્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.170